The details pursuant to the provisions of Companies Act, 2013 and Rules are given hereunder:

1. Cut-off date for the purpose of remote e-voting is **Friday, 29th July, 2022.**
2. Period of e-voting: E-voting shall commence from **9:00 A.M. on 2nd August, 2022** and ends at **5:00 P.M. on 4th August, 2022.** Please note that remote e-voting will not be allowed beyond the above mentioned time and date.
3. Persons who have acquired shares and become member of the Company after dispatch of Notice of the AGM and holding shares as on the cut-off date i.e. **29th July, 2022**, may cast their votes by following the instructions and process of remote e-voting as provided in the Notice of AGM.
4. A person, whose name appears in the Register of Members or in the Register of Beneficial owners maintained by the depositories as on cut-off date only, shall be entitled to avail the facility of remote e-voting as well as voting at the AGM. However, if the person is already registered with CDSL for remote e-voting, then the existing User ID and Password can be used for casting votes.
5. Members attending AGM through VC/OAVM facility, who have not casted their votes by remote e-voting shall be able to cast their votes through e-voting at the AGM.
6. Members who have casted their votes by remote e-voting, may also attend the AGM through VC/OAVM facility but shall not be entitled to cast their votes again at the AGM.
7. The procedure for e-voting, attending the AGM through VC/OAVM facility and Registration of E-Mail ID by shareholders has been provided in the Notice of AGM. The same is available on the website of the Company: www.ashokametcast.in, website of Central Depository Services Limited at www.evotingindia.com and at the website of BSE Limited: www.bseindia.com.
8. If you have any queries or issues regarding attending AGM & e-Voting from the CDSL e-Voting System, you can write an email to helpdesk.evoting@cdslindia.com or contact at toll free no. 1800 22 55 33

**Place: Ahmedabad**
**Date: 13.07.2022**

**For, Ashoka Metcast Limited**
**By order of Board**
**SD/-**
**Shalin A. Shah**
**Director**
**DIN: 00297447**

આઝાદી કા અમૃત મહોત્સવ પ્રોત્સાહક વળતર યોજના અંતર્ગત લાભ અપાશે

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો ગુજરાત હાઉસીંગ બોર્ડ તથા સ્લમ કલીયરન્સ સેલની જૂની યોજનાઓમાં ૯૦ દિવસ માટે ૧૦૦ ટકા પેનલ્ટી માફીનો જનહિતકારી નિર્ણય

અમદાવાદ, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત હાઉસીંગ બોર્ડ તથા સ્લમ કલીયરન્સ સેલની જૂની યોજનાઓમાં આઝાદી કા અમૃત મહોત્સવ પ્રોત્સાહક વળતર યોજના અંતર્ગત ગુરુ પૂર્ણિમા,તારીખ ૧૩ જુલાઈ ૨૦૨૨ થી ૯૦ દિવસ માટે ૧૦૦ ટકા પેનલ્ટી માફી આપવાનો જનહિતલક્ષી નિર્ણય કર્યો છે.

આ નિર્ણય અનુસાર રાજ્યમાં ગુજરાત હાઉસીંગ બોર્ડ તથા સ્લમ કલીયરન્સ સેલની જૂની યોજનાઓમાં તા.૦૧/૦૭/૨૦૨૨ની સ્થિતીએ બાકી હપ્તા પર ૯૦ દિવસ સુધી ૧૦૦ ટકા પેનલ્ટી પેટે અંદાજે રૂ. ૭૬૮.૯૨ કરોડની માફી આપવામાં આવશે. જે લાભાર્થી દ્વારા યોજના અમલમાં આવ્યાથી ૯૦ દિવસમાં બોર્ડની બાકી રહેતી હપ્તાની રકમ ભરપાઈ કરવામાં આવે તો બાકી રહેતી હપ્તાની રકમ ઉપર ૧૦૦ ટકા પેનલ્ટી માફી આપવામાં આવશે.

આ રાહત પેકેજ યોજનામાં જોડાવાથી ૬૪,૯૯૨ જેટલા બાકી લાભાર્થીઓને મકાન માલિકીના હક્ક પ્રાપ્ત થઈ શકશે. એટલું જ નહિ, ૯૦ દિવસની સમય-મર્યાદામાં હપ્તા ભરપાઈ ન કરી શકનાર લાભાર્થીઓ માટે પણ વાર્ષિક ૮ ટકા વ્યાજના દરે પેનલ્ટીની જોગવાઈને લીધે બાકી પેનલ્ટીના વ્યાજમાં પણ ઘટાડો કરવાનો અભૂતપૂર્વ નિર્ણય મુખ્યમંત્રીશ્રીએ કર્યો છે. લાભાર્થીઓને દસ્તાવેજ કરાવવા અંગે ગુજરાત હાઉસીંગ બોર્ડની વેબસાઈટ http://www.gujarathousingboard.gujarat.gov.in પર ફોર્મ ઉપલબ્ધ છે, તેમજ વેબસાઈટ પર આપેલ મોબાઈલ નંબરથી પણ પ્રજાજનોને માહિતી ઉપલબ્ધ થઈ શકશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના આ પ્રજાલક્ષી નિર્ણયથી ગુજરાત હાઉસીંગ બોર્ડને બાકી હપ્તાની વસુલાત થશે તેમજ આ પેકેજ યોજનામાં જોડાયેથી મકાન ધારકને માલિકી હક્ક પ્રાપ્ત થશે. આના પરિણામે દસ્તાવેજ થવાના કારણે સમગ્ર ગુજરાતમાં રી-ડેવલપમેન્ટ યોજનાઓ વધુ વેગપૂર્વક કાર્યાન્વિત થઈ શકશે.

રાજ્યમાં હજી પણ જુનાગઢ, ગીર સોમનાથ, ડાંગ, વલસાડ અને નવસારીમાં રેડ એલર્ટ

# વધુ વરસાદવાળા વિસ્તારમાં વહીવટીતંત્ર ખડે પગે: આપત્તિ વ્યવસ્થાપન મંત્રી શ્રી રાજેન્દ્ર ત્રિવેદી



અમદાવાદ, મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન મંત્રી શ્રી રાજેન્દ્ર ત્રિવેદીએ આજે રાજ્યમાં પડી રહેલા વરસાદની પરિસ્થિતિ અંગે સ્ટેટ ઈમર્જન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગર ખાતે સમીક્ષા બેઠક યોજી મીડિયાને માહિતી આપતા જણાવ્યું હતું કે, આજે રાજ્યમાં વરસાદનું પ્રમાણ ઘટ્યું છે. પરંતુહજી પણ જૂનાગઢ, ગીર સોમનાથ, ડાંગ, વલસાડ અને નવસારીમાં ભારે થી અતિભારે વરસાદની આગાહીને પગલે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યુ છે. રાજ્યનું વહીવટી તંત્ર હજુ સ્ટેન્ડ ટૂ છે અને નાગરિકોના જાનમાલની સુરક્ષા અને સલામતી માટે સુસજ્જ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગઈકાલે હવાઈ નિરીક્ષણ બાદ છોટા ઉદેપુરના બોડેલી ખાતે નાગરિકોને મળીને દુઃખમાં સહભાગી થઈને તેમના પ્રશ્નોના ત્વરિત નિરાકરણ માટે વહિવટી તંત્રને સુચનાઓ આપી હતી. આ ઉપરાંત નવસારીમાં પણ આશ્રયસ્થાનોમાંઆશ્રય લઈ રહેલા સ્થાનિક અસરગ્રસ્તોની મુલાકાત લઈને તેમના ખબર અંતર પુછી તેમના માટે ભોજન સહિતની જરૂરી વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવા સુચનાઓ આપી હતી. એટલુ જ નહિ, અસરગ્રસ્ત વિસ્તારોમાં યુદ્ધના ધોરણે સર્વે કરીને સહાય-કેશડોલ આપવા વહિવટી તંત્રને સુચનાઓ આપી હતી. મંત્રી શ્રી ત્રિવેદીએ જળાશયોની વિગતો આપતા કહ્યુ હતું કે,રાજ્યમાં વરસી રહેલા વરસાદને પરિણામે જળાશયોમાં પાણી ભરાઈ રહ્યા છે ત્યારે રાજ્યના ૨૧ જળાશયો ૧૦૦ ટકાથી વધુ ભરાઈ ગયા છે. તે ઉપરાંત ૩૦ જળાશયો ૭૦ થી ૧૦૦ ટકા, ૨૭ જળાશયો ૫૦ થી ૭૦ ટકા, ૫૧ જળાશયો ૨૫ થી ૫૦ ટકા અને ૭૭ જળાશયો ૨૫ ટકાથી ઓછા ભરાયા છે. રાજ્યના જળાશયો કુલ સંગ્રહ શક્તિના ૪૬.૨૫ ટકા ભરાયા છે અને સરદાર સરોવર કુલ સંગ્રહ શક્તિના ૪૮ ટકા ભરાયા છે.

મંત્રી શ્રી ત્રિવેદીએ કહ્યું કે, રાજ્યમાં અસરગ્રસ્ત જિલ્લાઓમાં ૧૮ એનડીઆરએફની પ્લાટુન અને ૨૧ એસડીઆરએફની ટીમ ડીપ્લોય કરવામાં આવી છે, જ્યારે એનડીઆરએફનીબે ટીમો અને એસડીઆરએફની પાંચ ટીમો રિઝર્વ રાખવામાં આવી છે. અત્યાર સુધીમાં ૫૭૫ નાગરિકોના રેસ્ક્યુ કરવામાં આવ્યા છે. એનડીઆરએફ અને એસડીઆરએફની ટીમો,સ્થાનિક પોલીસ તંત્ર અને વહિવટી તંત્ર દ્વારા સ્થાનિક યુવાઓના સહયોગથી કચ્છ જિલ્લામાં ભુજ, નખત્રાણા, લખપત, અબડાસા, મુંદ્રા અને માંડવી તાલુકાના વિવિધ ગામોમાં પાણીમાં ફસાયેલા અંદાજે ૧૧૦ થી વધુ નાગરિકોને તેમજ ચાર અબોલ પશુઓને રેસ્ક્યુ કરીને બચાવી લીધા હતા. આ સફળ રેસ્ક્યુ ઓપરેશન પાર પાડનાર સ્થાનિકો ,એનડીઆરએફ-એસડીઆરએફની ટીમો, સ્થાનિક પોલીસ તંત્ર અને વહિવટી તંત્ર અભિનંદનને પાત્ર છે.

મંત્રી શ્રી ત્રિવેદીએ ઉમેર્યું કે, રાજ્યમાં અત્યાર સુધીમાં ૮૩ માનવ મૃત્યુ નોંધાયા છે જેમાં સૌથી વધુ મૃત્યુ વીજળી પડવાથી થયા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૪ માનવ મૃત્યુ થયા છે જેમાં બેના ઝાડ પડવાથી, બેના વીજળી પડવાથીઅને ૯ના પાણીના વહેણમાં ડુબી જવાથી મૃત્યુ થયા છે. એક પણ મૃત્યુ વહીવટી તંત્રના વાંક કે નિષ્કાળજીના પરિણામે થયા હોવાનું ધ્યાને આવ્યું નથી.

મંત્રીશ્રીએ વધુ વિગતો આપતા કહ્યું કે, રાજ્યમાં અત્યાર સુધીમાં ૩૧,૦૩૫ નાગરિકોને સલામત સ્થળે સ્થળાંતરિત કરવામાં આવ્યા છે. જે પૈકી ૨૧,૦૯૪ નાગરિકો હજુઆશ્રયસ્થાનોમાં છે જ્યારે ૯,૮૪૮ નાગરિકો પાણી ઓસરતા પરત ઘરે ફર્યા છે. તે તમામ માટે ભોજન સહિતની તમામ વ્યવસ્થાઓ પૂરી પાડી યોગ્ય માવજત કરવામાં આવી છે.

તેમણે ઉમેર્યુ કે, રાજ્યનાગામોમાં કાર્યરત૧૪,૬૧૦ એસટી બસના રૂટમાંથી માત્ર ૧૩૮ ગામોના રૂટ બંધ કરવામાં આવ્યા છે તેમાં પણ ૧૪ રૂટ પૂર્વવત થઈ ગયા છે જ્યારે ૧૨૪ રૂટ આજે સાંજ સુધીમાં પૂર્વવત થઈ જશે. તેવી જ રીતે ૧૮ હજારથી વધુ ગામો પૈકી માત્ર ૭૬૯ ગામોમાં વીજ પુરવઠો બંધ થયો હતો. તે તમામ ગામોમાં વીજ પુરવઠો પૂર્વવત કરી દેવાયો છે. આ માટે પણ જી.યુ.વી.એન.એલના અધિકારીઓને મંત્રીશ્રીએ અભિનંદન આપ્યા હતા.

તેમણે ઉમેર્યુ કે, રાજ્યમાં થયેલા વરસાદના કારણે ૫૧ સ્ટેટ હાઈવે અને અન્ય માર્ગો,૪૮૩ પંચાયત મળી કુલ ૫૩૭ માર્ગો સુરક્ષાની દ્રષ્ટિકોણથી વાહન વ્યવહાર માટે બંધ કરાયા છે જ્યારે કચ્છમાંથી પસાર થતાનેશનલ હાઈવે-૪૧, નવસારી નેશનલ હાઈવે-૬૪ અને ડાંગમાંથી પસાર થતો નેશનલ હાઈવેબંધ કરાયો છે તે ખુબ જ ઝડપથી પૂર્વવત થઈ જશે.

મંત્રી શ્રી ત્રિવેદીએ રાજ્યના નાગરિકોને અપીલ કરતાં કહ્યું છે કે, રસ્તા પરથી વહેતા પાણીના વહેણને ઓળંગવાનો પ્રયાસ કરી બિનજરૂરી જોખમ ખેડવું નહીં.સમગ્ર વહીવટી તંત્ર દ્વારા વિશેષ કાળજી લેવામાં આવી રહી છે ત્યારે નાગરિકો પણ સંપૂર્ણ કાળજી રાખે તે ઈચ્છનીય છે.

# મેયરશ્રી હિતેષભાઈ મકવાણાના વરદહસ્તે ગાંધીનગર-અમદાવાદ વચ્ચે ઈ- બસ સેવા શરૂ કરવામાં આવી



ગાંધીનગર, ગાંધીનગર-અમદાવાદ વચ્ચે આજથી ઈલેક્ટ્રોનિક બસ સેવા શરૂ કરવામાં આવી છે. આજરોજ પંચદેવ મંદિર, સેક્ટર -૨૨ , ગાંધીનગર ખાતેથી માન. મેયરશ્રી હિતેષભાઈ મકવાણા તથા સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જશવંતભાઈ પટેલ દ્વારા બસને લીલી ઝંડી આપીને બસ સેવાની શરૂઆત કરવામાં આવી છે. 'વંદે ગુજરાત વિકાસયાત્રા' અંતર્ગત આયોજિત કાર્યક્રમમાં બસનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાનાં ડે. મ્યુનિ. કમિશનર ડૉ. પારૂલ માનસાતા, શહેર ભારતીય જનતા પાર્ટી અધ્યક્ષ રૂચિર ભાઈ ભટ્ટ, શહેર મહામંત્રી કનુભાઈ દેસાઈ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા, ગૌરાંગભાઈ પટેલ વોર્ડના કોર્પોરેટરશ્રી પદમસિંહ ચૌહાણ, કૈલાશબેન સુતરિયા, કિંજલભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતાં. પ્રદુષણ મુક્ત પરિવહનના લક્ષ્યાંકને ધ્યાને લઈને ગાંધીનગર મહાનગરપાલિકા અને ગુજરાત રાજ્ય માર્ગ અને વાહનવ્યવહાર નિગમ દ્વારા સ્માર્ટસિટી ડેવલપમેન્ટના સહયોગથી ગાંધીનગર અને અમદાવાદ વચ્ચે ઈ-બસ સેવા શરૂ કરવામાં આવી છે. બન્ને શહેર વચ્ચે કુલ ૩૦ ઈ-બસ શરૂ કરવામાં આવનાર છે, જે અંતર્ગત હાલ ૬ રૂટ પર બસની શરૂઆત કરવામાં આવી છે. આ ૬ બસ ગાંધીનગર તથા અમદાવાદના મુખ્ય પિકઅપ પોઈન્ટ કૃષ્ણનગર, ઠક્કરનગર, સોનીની ચાલ, ગેલેક્સી, ઈન્દિરા બ્રિજ, પાલડી, અડાલજ, ઘ-રોડ, પથિકાશ્રમ તથા સેક્ટર ૨૮/૨૮ના રૂટ પર ફરશે. આ બસની સુવિધા શરૂ થયેથી અમાદાવાદ-ગાંધીનગર વચ્ચે રોજ અપડાઉન કરતા મુસાફરોની સગવડતામાં વધારો થશે. પ્રદુષણ મુક્ત પરિવહનના લક્ષ્યાંકને ધ્યાને લઈને ગાંધીનગર મહાનગરપાલિકા અને ગુજરાત રાજ્ય માર્ગ અને વાહનવ્યવહાર નિગમ દ્વારા સ્માર્ટસિટી ડેવલપમેન્ટના સહયોગથી ગાંધીનગર અને અમદાવાદ વચ્ચે ઈ-બસ સેવા શરૂ કરવામાં આવી છે.

# અમદાવાદથી મુંબઈમાં ભારે વરસાદથી તબાહી મચી

અમદાવાદ, મુંબઈ ભારતીય મોસમ વિજ્ઞાન કેન્દ્રએ જાણકારી આપી છે કે આગામી સમયમાં મુંબઈ, પાલઘર, ઢાણે, રાયગઢ, પૂણેના ઘાટ ક્ષેત્રો, સતારા, નાંદેડ, લાતૂર જિલ્લામાં અલગ-અલગ સ્થાનો પર મધ્મમથી તીવ્ર વરસાદ થવાની સંભાવના છે. આઈએમડીએ મહારાષ્ટ્રના કોલ્હાપુર, પાલઘર, નાસિક, પૂણે અને રત્નાગિરી જિલ્લા માટે ૧૪ જુલાઈ સુધી ભારે વરસાદનું રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

મુંબઈ માટે આગામી ૩ દિવસો માટે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. મહારાષ્ટ્રના નાસિક જિલ્લામાં સોમવારે ભારે વરસાદના કારણે ઘણી નદીઓનું જળ સ્તર વધવાથી ગઢચિરૌલી જિલ્લામાં ત્રણ વ્યક્તિ લાપતા છે. અધિકારીઓએ જણાવ્યું કે નાસિક જિલ્લામાં ભારે વરસાદ થયો છે જેમાં ઘણી નદીઓનું જળસ્તર વધી ગયું છે અને ગોદાવરીમાં નદીતળ પર સ્થિત મંદિર ડુબી ગયા છે. આઈએમડીએ આગામી ૨૪ કલાકમાં ૨૦ સેન્ટીમીટરથી વધારે વરસાદ થવાનો અંદાજ વ્યક્ત કર્યો છે. એક અધિકારીના મચે નાસિક જિલ્લાના સુરગનામાં સૌથી વધારે ૨૩૮.૮ મિલિમીટર વરસાદ નોંધાયો છે. ગુજરાત માટે ૨૪ કલાક 'ભારે' - ગુજરાતમાં હાલ મેઘરાજાની તોફાની બેટિંગ જોવા મળી રહી છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના વિસ્તારો જળબંબાકાર થયા છે. આ દરમિયાન હવામાન વિભાગે ૧૨મી જુલાઈના સવારે ૮.૩૦ વાગ્યાથી ૧૩મી જુલાઈના સવારે ૮.૩૦ વાગ્યાની એટલે કે ૨૪ કલાકની વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે આગામી ૨૪ કલાક રાજ્યમાં સાર્વત્રિક વરસાદ રહેશે. આ દરમિયાન ૧૪ જિલ્લામાં અત્યંત ભારે વરસાદની સંભાવના છે. જ્યારે અમદાવાદ શહેરમાં સામાન્યથી ભારે વરસાદની આગાહી છે.મહારાષ્ટ્રમાં સતત વરસાદ વરસી રહ્યો છે. મુંબઈમાં ૧૪ જુલાઈ સુધીં સ્થએ ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. બીએમસીએ શહેર અને ઉપનગરોમાં મધ્યમથી ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરી છે. ૪૦ થી ૫૦ કિલોમીટરની ઝડપે પવન પણ ફુંકાઈ શકે છે. ભારે વરસાદના કારણે મુંબઈ જનાર લોકોએ સાવધ રહેવું પડશે. નહીંતર મુશ્કેલીમાં ફસાઈ શકે છે.

# વડોદરાની સયાજી હોસ્પિટલમાં ડોક્ટરો બે લાશને દોઢ મહિનાથી પીએમ કરવાનું ભૂલી ગયા

વડોદરા, વડોદરાના નવા યાર્ડ રેન બસેરામાં રહેતા ૩૦ વર્ષીય મનિષાબેન પરમાર ને ગત ૨૬ મેના રોજ ટીબી બોર્ડમાં સારવાર માટે લાવવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત થતા તેમના કોઈ સ્વજનો ન હોવાથી તેમના મૃતદેહને માટે મોકલવામાં આવ્યો હતો જ્યારે બીજી તરફ ટીબી વિભાગ દ્વારા રેકોર્ડ રૂમમાં તેમની મૃત્યુનોંધ કરાતા કોર્પોરેશનના આરોગ્ય વિભાગ એ રેન બસેરા ખાતે ડેથ સર્ટિફિકેટ મોકલી આપ્યું હતું. પોસ્ટમોર્ટમ બાકી હોવાની વાત બહાર આવતા એમ.એલ.ઓ દ્વારા ફોરેન્સિક વિભાગને આ અંગે જાણ કરવામાં આવી હતી પરંતુ ડેથ સર્ટિફિકેટ ઈશ્યુ કર્યું હોવાથી પોસ્ટમોર્ટમ કરવાની ના પાડી હતી. જોકે ઉપરી અધિકારીઓને જાણ કરાતા પોસ્ટમોર્ટમ હાથ ધરવામાં આવ્યું હતું. બીમારીને કારણે મૃત્યુ થયું હોવાથી અન્ય કોઈ ગૂંચવાડો ન હોવાનું હોસ્પિટલ સત્તાધીશો એ જણાવ્યું હતું જ્યારે બીજા બનાવમાં મે મહિનામાં જ સયાજી હોસ્પિટલના પરિસર માંથી ૪૦ વર્ષે અજાણી મહિલા ને સારવાર માટે ખસેડવામાં આવી હતી જેનુ પોસ્ટમોર્ટમ કરાવવાનું પણ રહી ગયું હતું. બંને મૃતદેહના મંગળવારે પોસ્ટમોર્ટમ હાથ ધરવામાં આવ્યા હતા. બનાવ અંગે હોસ્પિટલના સુપરિટેન્ડન્ટ રંજન ઐયરે તપાસના આદેશ આપ્યા હતા. સયાજી હોસ્પિટલમાં એમ.એલ.એ ની સાથે જ કુલ રૂમ સાચવવા માટે દર પંદર દિવસે એક ડોક્ટરની ડ્યુટી આપવામાં આવે છે ત્યારે મે મહિનામાં અને જૂન મહિનામા પોસ્ટમોર્ટમ ન થયા અને મૃતદેહ કુલ રૂમમાં છે તે અંગે પણ નિષ્કાળજી હોવાની ચર્ચા ઉઠી હતી ઉલ્લેખનીય છે કે કોન્ટ્રાક્ટર દ્વારા એમએલઓને જાણ કરાતા આ વિષયપ્રકાશમાં આવ્યો હતો. સયાજી હોસ્પિટલમાં મૃતકની ઓનલાઈન એન્ટ્રી થાય એટલે સાત દિવસમાં તેનો ડેટ સર્ટિફિકેટ તૈયાર થઈ અને નિયત કરેલા સરનામે રજીસ્ટર એડીથી મોકલવામાં આવે છે જુઓ સ્થળ ઉપર કોઈ તેનો સ્વીકાર ન કરે તો તે ભરત આવે છે અમને પોસ્ટમોર્ટમ અથવા કોઝ ઓફ ડેથ સાથે કોઈ નિસબત નથી.શહેરના સયાજી હોસ્પિટલમાં બે મહિલાના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવવાનું તબીબો ભૂલી જતા આખરે દોઢ મહિના બાદ પોસ્ટમોર્ટમ માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ ઘટના કેવી રીતે સર્જાય તે અંગે હોસ્પિટલ સત્તાધીશો એ તપાસના આદેશ આપ્યા હતા. પોસ્ટમોર્ટમ બાકી હોવાની વાત બહાર આવતા એમ.એલ.ઓ દ્વારા ફોરેન્સિક વિભાગને આ અંગે જાણ કરવામાં આવી હતી પરંતુ ડેથ સર્ટિફિકેટ ઈશ્યુ કર્યું હોવાથી પોસ્ટમોર્ટમ કરવાની ના પાડી હતી.


## નામ બદલેલ છે

આથી હુ જાહેર કરુ છુ કે મારુ નામ **રાખોલીયા આદર્શ રસિકભાઈ** હતુ જે બદલીને નવુ નામ **સ્વામી સુરસંગતદાસજી** રાખેલ છે.હવેથી હું સ્વામી સુરસંગતદાસજી તરીકે ઓળખાઈશ તેની નોંધ લેશો.


# પાલનપુરની શિક્ષિકાએ દંપતીના ત્રાસથી ઝેરી દવા પી લેતા ફરિયાદ

પાલનપુર, પાલનપુરની ખાનગી સ્કુલમાં ફરજ બજાવતાં શિક્ષિકા ઘરેથી સ્કુલે ચાલતા જતા ત્યારે શહેરના પારપડારોડ વૃંદાવન સોસાયટીમાં રહેતો તરૂણભાઈ ભરતભાઈ ત્રિવેદી રસ્તામાં આવી હેરાન કરતો હતો. તેણી ઘરે હોય ત્યારે ઘર આગળ આંટા ફેરા મારતો હતો. અને જુદાજુદા નંબરથી મેસેજ કરી હેરાન કરતો હતો. આ અંગે શિક્ષિકા તેના ઘરે કહેવા જતાં તરૂણની પત્ની ટીંકલબેને મોબાઈલ ઉપર અભદ્ર ટીપ્પણી કરતો મેસેજ કર્યો હતો. જેનાથી લાગી આવતાં શિક્ષિકાએ પોતાના ઘરમાં પડેલી ઝેરી દવા પી લીધી હતી. તેણીને પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. આ અંગે પાલનપુર પૂર્વ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.


## સાંકેતિક કબ્જા નોટીસ

ICICI Bank | બ્રાન્ચ ઓફિસઃ આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ.,ઓફિસનં ૨૦૧-બી, બીજે માળ, રોડનં ૧ પ્લોટ નં- બી ૩ વાઈફાઈ આઈટી પાર્ક, વાગલે ઈન્ડસ્ટીયલએસ્ટેટ,થાણે, મહારાષ્ટ્ર-૪૦૦૬૦૪

**આથી**

સિક્યુરાઈઝેશન રિકંસ્ટ્રક્શન ફાઈનાન્સ એસેટ એન્ડ ઈનફોર્મ્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઓફ ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ ઈન્ફોર્સમેન્ટ ૨૦૦૨ની કલમ ૧૩ (૧૨) તેની સાથે અનુચ્છેદ ૩ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ (દીવાન હાઉસિંગ ફાયનાન્સ લી. દ્વારા આઈસીઆઈસીઆઈના નિમાયેલા નીચે સહી કરનાર અધિકારીએ ) સિક્યોરિટી ઓફ એન્ફોર્સમેન્ટ ના સંબંધમાં ડીએચએફએલ અને કરજદારો વચ્ચે લોન બાબતે થયેલા કરારના આધારે હાઉસિંગ લોન ની સગવડ મેળવી છે, તેઓ જે લોન મેળવી છે, તેની મૂળ રકમ અને વ્યાજની ચુકવણીમાં તેઓ નિષ્ફળ ગયા છે , તેથી આ નોટીસ આપ્યાથી ૬૦ દિવસની અંદર અહી દર્શાવેલા નાણા ભરી જવા જણાવવામાં આવે છે.

કરજદારો નાણા ચૂકવવામાં નિષ્ફળ ગયા છે. આથી કરજદારો અને સામાન્ય જનતાની જાણ માટે નીચે જણાવેલા અધિકારીએ અહી જણાવેલી મિલ્કતનો સાંકેતિક કબ્જો લીધો છે જે કલમ ૧૩ (૪) અનુચ્છેદ ૮ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ કાર્યવાહી કરી છે. કરજદારો અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ પાસે આ મિલ્કત ટાંચમાં હોય કરજદારો અને સામાન્ય જનતાએ કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં.

| ક્રમ નં. | કરજદારોનું નામ/ (લોન એકાઉન્ટ નંબર) (ડીએચએફએલ જુનો એલએએન અને આઈસીઆઈસીઆઈ નવો એલએએન) | મિલ્કતની વિગત/ સાંકેતિક કબ્જાની તારીખ | ડિમાંડ નોટીસની તારીખ /ડિમાંડ નોટીસની રકમ (રૂ) | શાખાનું નામ |
|---|---|---|---|---|
| ૧. | દિનેશ મંછાજી પ્રજાપતિ અને જ્યોત્સનાબેન દિનેશભાઈ પ્રજાપતિ- QZMEH00005016406 (ડિએચએફએલ જુનો લેન ૧૬૭૦૦૦૦૧૪૮૯ અને આઈસીઆઈસીઆઈ નવો લેન QZMEH00005016406) | ફ્લેટ નં. ૨૦૨, પ્રથમ માળે, શ્રીજી પાર્ક, પાટણ-ગુજરાત-પાટણઃ-૩૮૪૨૬૫/ ૦૮ જુલાઈ, ૨૦૨૨. | ૦૪ એપ્રિલ, ૨૦૨૨ રૂા. ૩,૩૮,૨૩૯.૦૦/- | મહેસાણા |
| ૨. | ઈશ્વરજી ભીખાજી ભીલ અને વાલજીભાઈ ઈશ્વરજી ભીલ- QZMEH00005007496 (ડિએચએફએલ જુનો લેન ૧૬૭૦૦૦૦૦૮૦૫ અને આઈસીઆઈસીઆઈ નવો લેન QZMEH00005007496) | પ્લોટ નં. ૧૨૦, વિઠ્ઠલ વિલા, પાટણ-ડિસા હાઈ-વે, જિલ્લો - પાટણ, ગુજરાત, પાટણ- ૩૮૪૨૬૫/ ૦૮ જુલાઈ, ૨૦૨૨. | ૦૪ એપ્રિલ, ૨૦૨૨ રૂા. ૨૦,૫૪,૬૪૩.૦૦/- | મહેસાણા |

ઉપર જણાવેલા કરજદાર(રો)/ જામીનદાર(રો) અહી બાકી નાણાં પરત કરી જવા માટે ૩૦ દિવસની નોટીસ આપવામાં આવે છે. નહીં તો કલમ ૮ અને ૯ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (ઈન્ફોર્સમેન્ટ) રૂલ, ૨૦૦૨ની જોગવાઈ મુજબ જામીન તરીકે મુકેલી મિલ્કત આ નોટીસ પ્રસિદ્ધ થયાનાં ૩૦ દિવસ બાદ વેચી દેવામાં આવશે.

તારીખ : ૧૫ જુલાઈ,૨૦૨૨
સ્થળ : મહેસાણા

ઓથોરાઈઝડ ઓફિસર
આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ



## પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન

**પીઓએચ માટે ગીયર્સની પ્રાપ્તી**

**ઈ-ટેન્ડર નોટીસ નં.** 11 2022-23. તા.04-07-2022. **ટેન્ડર નં. સીઈસીપીઓએચએડીઆઈ-** 2022-23-11 (1) **કામનું નામઃ** સીપીઓએચ અમદાવાદ ખાતે ટ્રેક મશીનોના પીઓએચ માટે ગીયર્સની પ્રાપ્તી. (2) **એનઆઈટી અંદાજીત કિંમતઃ** ₹ 1,54,47,101.40/- (3) **ઈએમડી કિંમતઃ** ₹ 3,08,950.00/- (4) **ટેન્ડર બંધ થવાની અને ખુલવાની તારીખ અને સમયઃ** તા.05-08-2022 ના 11:00 કલાકે અને તા.05-08-2022 ના 11.15 કલાકે. (5) **IREPS પર ટેન્ડર અપલોડ થવાની તારીખઃ** તા.04-07-2022. **વેબસાઈટ વિગતઃ** https://www.ireps.gov.in ADI-062

અમને ફોલો કરો: twitter.com/WesternRly



## પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન

**સ્ટાફ કવાર્ટર્સનું પુનઃવાયરીંગ**

**ઈ-ટેન્ડર નોટીસ નં.** સિની.ડીઈઈ/એડીઆઈ/14 (22-23) તા.08-07-2022. **ટેન્ડર નં.** ઈએલ-50-I-એડીઆઈ-ટી-30-2022-23, (1) **કામનું નામઃ** અમદાવાદ ડિવિઝન :- આયુ સાથે સ્થિતીના આધારે વિવિધ પ્રકારના સ્ટાફ કવાર્ટર્સ 643 યુનિટ્સનું પુનઃવાયરીંગ. (2) **અંદાજીત ખર્ચઃ** ₹ 1,59,44,899/- (3) **ઈએમડીઃ** ₹ 2,29,700/- (4) **જમા કરવાની અને ખુલવાની તારીખ અને સમયઃ** તા.05-08-2022 ના 15:00 કલાકે તે પછી નહિં અને તા.05-08-2022 ના 15:30 કલાકે ટેન્ડર ખોલાશે. (5) **ઓફીસનું સરનામું અને વેબસાઈટ વિગતઃ** સિની. ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જીનીયર, ડી.આર.એમ. ઓફીસ (પ.રે.), ચામુંડા બ્રિજ પાસે, જી.સી.એસ. હોસ્પીટલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-382345. **વેબસાઈટઃ** www.ireps.gov.in ADI-066

અમને ફોલો કરો: twitter.com/WesternRly



## પશ્ચિમ રેલવે – ભાવનગર ડિવિઝન

**સ્થાનિક ટિકિટ બુકિંગ એજન્ટોની નિમણુંક**

**નં. C.171/8/2/ Vol. IV**

સિની. ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર પશ્ચિમ રેલવે, ભાવનગર પરા નીચે જણાવેલ હોલ્ટ સ્ટેશનો ખાતે કોન્ટ્રાક્ટ આધારીત સ્થાનિક ટિકિટ બુકિંગ એજન્ટોની (હોલ્ટ સ્ટેશન પર અનારક્ષિત ટિકિટોના વેચાણ માટે) નિમણુંક માટે અરજીઓ આમંત્રિત કરે છે.

**(A) હોલ્ટ સ્ટેશનોની વિગતો :-**

| અનું નં. | હોલ્ટ સ્ટેશનનું નામ | અનું નં. | હોલ્ટ સ્ટેશનનું નામ | અનું નં. | હોલ્ટ સ્ટેશનનું નામ |
|---|---|---|---|---|---|
| 01 | હાથીગઢ | 11 | ચોકી સોરઠ | 21 | ચંદ્રાવા |
| 02 | ઈંગોરાળા | 12 | સખપુર | 22 | લોલીયા |
| 03 | જીરારોડ | 13 | સુપેડી | 23 | અર્નેજ |
| 04 | મારીયાણા | 14 | ચીત્રાવડ | 24 | વાવડી |
| 05 | સજનવાવરોડ | 15 | જામ્બુર | 25 | જેતલવડ |
| 06 | અમૃતવેલરોડ | 16 | તોરણીયા | 26 | કોઠારીયા |
| 07 | મોટાજાદરા | 17 | પાંચતલાવડા રોડ | 27 | ભેંસવાડી |
| 08 | બજુડ | 18 | ભાડેર | 28 | તરસાઈ |
| 09 | કનાડ | 19 | જુનીચાવંડ | 29 | રાણાબોરડી |
| 10 | બંધનાથ | 20 | મહડા | - | --- |

**(B) યોગ્યતા માપદંડ :-**

1. અરજદારે 18 વર્ષ પૂર્ણ કરેલ હોવા જોઈએ.
2. લઘુત્તમ શૈક્ષણિક લાયકાત ઓછામાં ઓછું **10મું ધોરણ પાસ હોવું જોઈએ.**
3. અરજદાર એ સ્થળનો કાયમી રહેવાસી હોવો જોઈએ જ્યાં હોલ્ટ સ્ટેશન આવેલું છે. નિવાસ્થાનને સ્થાનિક રહેઠાણ તરીકે ગણવામાં આવવું જોઈએ જો તે, તે જ જિલ્લામાં સ્થિત હોય, જ્યાં સ્ટેશન સ્થિત છે.
4. અરજદાર સક્રિય સેવા માટે યોગ્ય અને કોઈપણ ચેપી રોગ થી મુક્ત હોવો જોઈએ.
5. અરજદાર સારો પાત્ર ધરાવતો હોવો જોઈએ અને કોઈ ગુનાહિત રેકોર્ડ ન હોવો જોઈએ.

**અરજદાર ઉપરોક્ત પાત્રતા માપદંડોના સમર્થનમાં અરજી સાથે પ્રમાણપત્રો/દસ્તાવેજો જમા કરવાના રહેશે.**

**શરતો અને નિયમો :-** (1) પ્રારંભિક કરારનો સમયગાળો પાંચ વર્ષનો રહશે. રેલવે બોર્ડની પોલીસી મુજબ તેની મુદત સમાપ્તિ પર પાંચ વર્ષથી આગળના સમયગાળા માટે વિસ્તૃત કરી શકાય છે. (2) સફળ અરજદારને રૂા. 2,000/- ની રકમ સિક્યોરીટી ડિપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. (3) **નિમણુંક સંપૂર્ણ પણે કરાર આધારિત છે અને તેમાં કોઈ સુવિધાઓ નથી જેમ કે રેલવે સેવામાં સમાવેશ, સેવાનું નિયમિતકરણ, બોનસ, રેલવે પાસ, સુવિધાઓ હોલ્ટ કોન્ટ્રાક્ટરને પ્રાપ્ત થશે.** (4) **કમિશનની ચૂકવણી :-** વર્તમાન રેલવે બોર્ડના પત્ર નં. 2017/TG-IV/2/RB/05/હોલ્ટ પોલિસી તા.18-11-2019 મુજબ નીચે પ્રમાણે વેચાયેલી માસિક ટિકિટની રકમ પર હોલ્ટ એજન્ટને કમિશન આપવામાં આવશે.

| માસિક ટિકિટો વેચાણનું ટર્નઓવર રૂા. | ટકાવારીમાં કમિશન ચૂકવવાનું રહેશે |
|---|---|
| ₹ 1 થી ₹ 15,000 | 15% (હોલ્ટ કોન્ટ્રાક્ટરને ચૂકવવાપાત્ર લઘુત્તમ કમિશન 2 જોડી ટ્રેનના સ્ટોપેજ સુધીના હોલ્ટ માટે દર મહિને ₹ 1,000/- અને 2 જોડી થી વધુ ટ્રેનના સ્ટોપેજ ધરાવતા હોલ્ટ માટે દર મહિને ₹ 1,500/- રહેશે.) |
| ₹ 15,001 થી ₹ 50,000 | 12% |
| ₹ 50,001 થી ₹ 1,00,000 | 09% |
| ₹ 1,00,001 થી ₹ 2,00,000 | 06% |
| ₹ 2,00,001 અને વધુ | 03% |

**અરજી પરિશિષ્ટ-A માં સંલગ્ન નિયત મફોર્મામાં જમા કરવાની રહેશે.**

**અરજી સિની. ડિવિઝનલ કોમર્શિયલ મેનેજરની ઓફિસ, કોમર્શિયલ બ્રાન્ચ, પશ્ચિમ રેલવે, ગધેચીવડલા પાસે, ભાવનગર પરા-364003ની ઓફિસે થી પ્રાપ્ત થઈ શકશે જેની બંધ થવાની તારીખ અને સમય 10-08-2022 ના 18:00 કલાક સુધી છે.**

હોલ્ટ એજન્ટની નિમણુંક પ્રેસ નોટીફિકેશન વેબસાઈટ www.wr.indianrailways.gov.in પર પણ ઉપલબ્ધ છે જે ડાઉનલોડ કરી શકાય છે અને અરજી જમા કરવા માટે તેનો ઉપયોગ કરી શકાય છે.

**હોલ્ટ એજન્ટ માટે અરજી પત્રક** — એનેક્ષર-"A"

પ્રતિ,
સિની. ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર,
ડિવિઝનલ રેલવે ઓફિસ,
ગધેચીવડલા પાસે,
પશ્ચિમ રેલવે, **ભાવનગર પરા-364003**

પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ ચોંટાડવો

| અનું. નં. | વિગતો | અરજદારની વિગત |
|---|---|---|
| 1 | અરજદારનું નામ :- (કેપિટલ અક્ષરોમાં) | |
| 2 | પિતા/પતિનું નામ :- | |
| 3 | **પીન કોડ નં.** સાથે રહેઠાણ સરનામું :- | |
| 4 | મોબાઈલ નં. અને વોટ્સએપ નં. :- | |
| 5 | જન્મ તારીખ :- (શબ્દ અને આંકડાઓમાં) | |
| 6 | શૈક્ષણિક લાયકાત :- | |
| 7 | હોલ્ટ સ્ટેશનનું નામ જેના માટે અરજી જમા કરવામાં આવે છે. | |
| 8 | આધાર કાર્ડ નં. | |
| 9 | સ્થાનિક હોલ્ટ એજન્ટ માટે અનુભવ જો હોય તો | |

**સંલગ્ન :-**

સ્થળ :
તારીખ :

અરજદારની સહી

BVP-031

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly



## અશોકા મેટકાસ્ટ લિમીટેડ

**CIN:L70101GJ2009PLC057642**

**રજીસ્ટર્ડ ઓફીસ : ૭મે માળ, અશોકા ચેમ્બર્સ, મીઠાખળી છ રસ્તા, અમદાવાદ ૩૮૦૦૦૬**

**ફોન નં. : ૦૭૯ ૨૬૪૬૩૨૨૬, ઈ-મેલ આઈડી:** info@ashokametcast.in
**વેબસાઈટ :** www.ashokametcast.in

**વાર્ષિક સામાન્ય સભા,ઈ-વોટિંગની માહિતી અને બુક બંધ થવાની તારીખ ની સૂચના**

આથી સભ્યોને જણાવવામાં આવે છે કે મિનિસ્ટ્રી ઓફ કોર્પોરેટ ઓફેર્સના પરિપત્ર નં. ૧૪/૨૦૨૦ (તા. ૮મી એપ્રિલ, ૨૦૨૦, )પરિપત્ર નં. ૧૭/૨૦૨૦ (તા. ૧૩મી એપ્રિલ, ૨૦૨૦ )અને પરિપત્ર નં. ૨૦/૨૦૨૦ (તા. ૫મી મે, ૨૦૨૦ )(એમ.સી.એ. પરિપત્રો) તથા પરિપત્ર નં. SEBI/HO/CFD/CMD1/CIR/P/2020/79 તા. ૧૨મી મે, ૨૦૨૦ અને ( સેબી પરિપત્ર) ને ધ્યાન માં રાખી ને કંપની ના સભ્યો ની ૧૩મી વાર્ષિક સામાન્ય સભા (એ.જી.એમ.) **૫ ઓગસ્ટ,૨૦૨૨, શુક્રવારના રોજ બપોરે ૩.૩૦ વાગે** વિડિયો કોન્ફ્રન્સ (વી.સી.), અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમ ( ઓ.એ.વી.એમ.) દ્વારા યોજાશે, જેમા એ.જી.એમ. નોટિસમાં દર્શાવામાં આવ્યા મુજબની કાર્યવાહી હાથ ધરાશે. કંપની એક્ટ, ૨૦૧૩ ની કલમ ૯૧ ની જોગવાઈ અનુસાર અને સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ના રેગ્યુલેશન ૪૨ ની જોગવાઈઓ અનુસાર, કંપનીના સભ્યોનું રજિસ્ટર અને શેર ટ્રાન્સફર બુક્સ **શનિવાર, ૩૦મી જુલાઈ, ૨૦૨૨ થી શુક્રવાર, ૫મી ઓગસ્ટ, ૨૦૨૨** સુધી (બંને દિવસો સહિત) બંધ રહેશે.

એમસીએના પરિપત્રો અને સેબીના પરિપત્રના પાલનમાં, નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ના વાર્ષિક અહેવાલ સાથે એજીએમની સૂચના ફક્ત તે તમામ સભ્યોને ઈલેક્ટ્રોનિક મોડમાં મોકલવામાં આવી છે જેમના ઈ-મેલ આઈડી કંપની અથવા રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ અથવા તેમના સંબંધિત ડિપોઝિટરી સહભાગીઓ સાથે નોંધાયેલા છે.

**રિમોટ ઈ- વોટીંગ :**

કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની કલમ ૧૦૮, કંપનીઝ ( મેનેજમેન્ટ અને એડમિનિસ્ટ્રેશન) અમેન્ડમેન્ટ રૂલ્સ, ૨૦૧૫ના નિયમ ૨૦ અને સેબી ( લિસ્ટીંગ ઓબ્લીકેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રીક્વાયરમેન્ટસ) રેગ્યુલેશન્સ , ૨૦૧૫ના રેગ્યુલેશન ૪૪ અન્વયે કંપની એ.જી.એમ.ની નોટીસ માં દર્શાવેલા કામકાજ અંગે વાર્ષિક સામાન્ય સભામાં ઈલોક્ટ્રોનિક માધ્યમ થી મત આપી શકે તે માટે સભ્યોને સીડીએસએલના માધ્યમથી રિમોટ ઈ- વોટીંગ ની સુવિધા પુરી પાડે છે. સભ્યોને મોકલવામાં આવેલી એ.જી.એમ. ની નોટીસમાં રીમોટ ઈ- વોટીંગ અંગે વિસ્તૃત સૂચના આપવામાં આવી છે. કંપનીઝ એક્ટ ૨૦૧૩ અન્વયે પુરી પાડવામાં આવતી વિગતો તથા નિયમો નીચે મુજબ છેઃ

૧. રિમોટ ઈ-વોટિંગના હેતુ માટે કટ-ઓફ તારીખ **શુક્રવાર, ૨૯મી જુલાઈ, ૨૦૨૨** છે.
૨. ઈ-વોટિંગનો સમયગાળોઃ ઈ-વોટિંગ **૨જી ઓગસ્ટ, ૨૦૨૨** ના **રોજ સવારે ૯:૦૦** વાગ્યાથી શરૂ થશે.અને **૪થી ઓગસ્ટ, ૨૦૨૨ સાંજે ૫:૦૦** વાગ્યે સમાપ્ત થાય છે. કૃપા કરીને નોંધો કે ઉપરોક્ત સમય અને તારીખથી વધુ દૂરસ્થ ઈ-વોટિંગની મંજૂરી આપવામાં આવશે નહીં.
૩. જે વ્યક્તિએ એજીએમની નોટિસ મોકલ્યા પછી શેરો હસ્તગત કરે અને કંપનીના સભ્ય બને તથા ૨૯મી જુલાઈ, ૨૦૨૨ના રોજ કટ-ઓફ તારીખ સુધીમાં શેર ધરાવતા હોય, તેઓ એજીએમની નોટીસમાં દર્શાવેલી રિમોટ ઈ-વોટીંગની સૂચનાઓ અને પ્રક્રિયાને અનુસરીને તેમનો મત આપી શકે છે.
૪. જે વ્યક્તિ, જેનું નામ સભ્યોના રજિસ્ટરમાં અથવા ડિપોઝિટરીઝ દ્વારા જાળવવામાં આવતા બેનીફીશયરી ઓનર્સના રજિસ્ટરમાં હોય તે જ વ્યકિત એજીએમમાં મત આપવા તથા રિમોટ ઈ-વોટિંગની સુવિધાનો ઉપયોગ કરવા માટે હકદાર રહેશે. જો કે, જો વ્યક્તિ પહેલાથી જ રિમોટ ઈ-વોટિંગ માટે સીડીએસએલમાં નોંધાયેલ હોય, તો વર્તમાન યુઝર આઈડી અને પાસવર્ડનો ઉપયોગમાં લઈ શકાશે.
૫. VC/OAVM સુવિધા દ્વારા એજીએમમાં હાજરી આપનારા સભ્યો, જેમણે રિમોટ ઈ-વોટિંગ દ્વારા તેમનો મત આપ્યો નથી તેઓ એજીએમમાં ઈ-વોટિંગ દ્વારા તેમનો મત આપી શકશે.
૬. જે સભ્યોએ રિમોટ ઈ-વોટિંગ દ્વારા તેમનો મત આપ્યો છે, તેઓ પણ VC/OAVM સુવિધા દ્વારા એજીએમમાં હાજરી આપી શકે છે પરંતુ તેઓ એજીએમમાં ફરીથી તેમનો મત આપવા માટે હકદાર નથી.
૭. ઈ-વોટિંગ,કરવાની VC/OAVM સુવિધા દ્વારા એજીએમમાં ભાગ લેવાની તથા શેરધારકો દ્વારા ઈ-મેઈલ આઈડીની નોંધણીની પ્રકીયા એજીએમની નોટીસમાં આપવામાં આવી છે. એજીએમની નોટીસ કંપનીની વેબસાઈટઃ www.ashokametcast.in, સીડીએસએલની વેબસાઈટ www.evotingindia.com પર અને બીએસઈની વેબસાઈટઃ www.bseindia.com પર ઉપલબ્ધ છે.
૮. ઈ-વોટિંગને લગતો કોઈ પ્રશ્ન હોય તો સભ્યો,બીનીફીશયરી ઓનર્સ www.evotingindia.com પર ઉપલબ્ધ ફીકવન્ટલી આસ્ક કવેશ્ચયન અને ઈ વોટીંગ યુઝર મેન્યુલમાંથી માહીતી મેળવી શકે છે. અથવા helpdesk.evoting@cdslindia.com પર ઈમેલ કરી શકે છે. અથવા ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૨૨ ૫૫ ૩૩ પર ફોન કરી શકશે.

**અશોકા મેટકાસ્ટ લિમીટેડ**
**બોર્ડ ઑફ ડિરેક્ટર્સના આદેશથી**
**સહી /-**
**શાલીન શાહ**
**ડીરેક્ટર**
**ડીઆઈએન : ૦૦૨૯૭૪૪૭**

**સ્થળ : અમદાવાદ**
**તારીખ : ૧૩.૦૭.૨૦૨૨**